


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૧ | ૧૨ મે, ૨૦૧૬, ગુરૂવાર ; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઉત્તરાખંડમાં હરિશ રાવત પુનઃ કાર્યભાર સંભાળશે

## ઉત્તરાખંડમાં રાવતના વિશ્વાસમતને સુપ્રીમે લગાવી મંજુરીની મહોર : સુપ્રીમે મંજુરીની મહોર લગાવતા ભાજપ છાવણીમાં સન્નાટો : સુપ્રીમે કહ્યું મતદાન દરમિયાન કોઇપણ અનિયમિતતા થઇ નથી



દહેરાદૂન,તા. ૧૧

સુપ્રીમ કોર્ટ દ્વારા મંગળવારે ઉત્તરાખંડ વિધાનસભામાં રાવત સરકારના કરવામાં આવેલા શક્તિ પરીક્ષણ પર આજે બુધવારે મંજુરીની મહોર લગાવવામાં આવતા છ અઠવાડિયા બાદ હરિશ રાવત ઉત્તરાખંડના ફરીથી મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટ દ્વારા લગાવવામાં આવેલી મંજુરીની મહોરના પગલે ભાજપ છાવણીમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. તો બીજી તરફ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકારને આડે હાથ લેવાની તક મેળવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આજે કહેવામાં આવ્યું કે, રાવત સરકાર દ્વારા ઉત્તરાખંડ વિધાનસભામાં શક્તિ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ શક્તિ પરીક્ષણમાં રાવત સરકારને ૬૧ માંથી ૩૩ મેત મળ્યા હતા.

સુપ્રીમની પીઠે આ અંગે પોતાનો ચુકાદો આપતા કહ્યું છે કે, શક્તિ પરીક્ષણ દરમિયાન કોઈપણ પ્રકારની અનિયમિતતા જોવા મળી નથી. નવ ધારાસભ્યો પોતાની અયોગ્યતાના કારણે મતદાન કરી શક્યા નથી. આ સાથે જ પીઠે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન હટાવી લેવાનો આદેશ કર્યો છે. જેથી કરીને ૬૮ વર્ષના હરિશ રાવત ફરીથી રાજ્યના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળી શકે છે. દહેરાદૂનમાં સુપ્રીમના આ ચુકાદાના સમાચાર ફેલાતાની સાથે જ જશ્નનો માહોલ શરૂ થઈ ગયો હતો.

## મોદી બોધ લે, લોકતંત્રની હત્યા સહન ન થાય : રાહુલ



નવીદિલ્હી,તા. ૧૧

ઉત્તરાખંડમાં શક્તિ પરીક્ષણને સુપ્રીમ કોર્ટ દ્વારા બહાલ કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર નિશાન સાધીને આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, તેમણે (ભાજપ)એ પોતે ખોટું કર્યું અને અમે અમારા તરફથી શ્રેષ્ઠ પ્રયાસો કર્યા જેના કારણે ઉત્તરાખંડમાં લોકતંત્રની જીત થઈ છે. કોંગ્રેસ ઉપાધ્યક્ષે કહ્યું કે, ભાજપ તમામ રીતે ખોટા પ્રયાસો કરી રહ્યું હતું. આમ છતાં અંતે ઉત્તરાખંડમાં લોકતંત્રની જીત થઈ છે અને આશા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આમાથી કંઈ સબક લેશે, શીખશે.

## બદ્રીનાથ ધામના દ્વાર ખુલતાં : શ્રદ્ધાળુ ઉમટ્યા

### વહેલી પરોઢે ૪-૩૦ વાગે દર્શનની શરૂઆત : વહેલી સવારમાં જ ૧૦ હજારથી વધારે શ્રદ્ધાળુઓ પહોંચી ગયા : કેટલાક સાંસદો પણ દર્શન માટે પહોંચ્યા



દહેરાદુન,તા. ૧૧

હિન્દુ શ્રદ્ધાળુઓ માટે ખુબ જ મહત્વપૂર્ણ અને શુભ ગણાતી બદ્રીનાથ ધામની યાત્રા પણ આજે સવારે શરૂ થઈ ગઈ હતી. બદ્રીનાથ મંદિરના પ્રવેશ દ્વારા આજે સવારે આશરે ત્રણ વાગ્યાની આસપાસ ખોલવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. મંદિરના રાવલ ઈશ્વરી પ્રસાદ નમ્બુરીની હાજરીમાં ટિહરી નરેશના રાજપુરોહિત, બામણી ગામના હકહકુધારી અને મંદિર સિતીના અધિકારીએ વિધીવતરીતે મંદિરના તાળામાં ચાવી લગાવી હતી. ચાદીના બનેલા દરવાજાને ખોલી દેવાની સાથે જ દર્શનની શરૂઆત થઈ ગઈ હતી. ત્યારબાદ વિશેષ પુજા અર્ચના કરવામાં આવી હતી.

# માલ્યાને દેશનિકાલની માગ બ્રિટને ફગાવી

## માલ્યાને ભારત પરત લાવવાના પ્રયાસોને મરણતોળ ફટકો પડ્યો : બ્રિટીશ કાયદા મુજબ શરાબ કારોબારી માલ્યાને દેશનિકાલ કરી શકાય નહી વિજય માલ્યા કાયદાકીયરીતે બ્રિટનમાં રહી શકે

નવીદિલ્હી,તા. ૧૦

બેંકોના નવ હજાર કરોડ રૂપિયાની લોન લઈને વિદેશ ફરાર થઈ ગયેલા શરાબ કારોબારી વિજય માલ્યાને વહેલી તકે પરત લાવવા માટેના પ્રયાસોને આજે મોટી પીછેહટ સાંપડી હતી. કારણ કે બ્રિટન સરકારે ઉદ્યોગપતિ વિજય માલ્યાને દેશનિકાલ કરવાની ભારતની વિનંતિને ફગાવી દીધી છે. બ્રિટન સરકારે કહ્યુ છે કે બ્રિટીશ કાયદા મુજબ માલ્યાને દેશનિકાલ કરી શકાય નહી. વિદેશ મંત્રાલય દ્વારા ૨૮મી એપ્રિલ ૨૦૧૬ના દિવસે માલ્યાના પ્રત્યાર્પણને લઈને બ્રિટીશ સરકારે પત્ર લખ્યો હતો. માલ્યા બીજી માર્ચના દિવસે ભારત છોડીને બ્રિટન ફરાર થઈ ગયા હતા. સરકારને આજે ફરાર રહેલા વિજય માલ્યાના મામલે પીછેહટનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે વિનંતિ કરવામાં આવી હોવા છતાં બ્રિટન સરકારે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે લોન ડિફોલ્ટર વિજય માલ્યાને ભારત દેશનિકાલ કરી શકે નહી. બ્રિટીશ સરકારે પ્રત્યાર્પણ અંગેની વિનંતિ કરવા અથવા તો પારસ્પરિક કાયદાકીય સહાયતા કરવા વિચારણા કરવા માટે ભારતને અપીલ કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા વિકાસ સ્વરૂપ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી.

તેમણે કહ્યુ હતુ કે બ્રિટનની સરકારે અમને માહિતી આપી છે કે વર્ષ ૧૯૭૧ના ઈમિગ્રેશન ઓક્ટ હેઠળ બ્રિટીશ સરકારને યુકેમાં રહેવાના હેતુસર માન્ય પાસપોર્ટ રાખવા વ્યક્તિગત માટે જરૂરી નથી. વિકાસ સ્વરૂપે કહ્યુ છે કે તે માલ્યાની સામે ગંભીર આક્ષેપોને સમજે છે. બ્રિટીશ સરકારના વલણનો મતલબ એ થયો કે માલ્યા કાયદાકીયરીતે બ્રિટનમાં રહી શકે છે. જ્યારે બ્રિટનમાં માલ્યા પ્રવેશ કરી ગયા ત્યારે જો તેમનો પાસપોર્ટ માન્ય હશે તો તેમને કોઈ તકલીફ રહેશે. નહી. માલ્યા બીજી માર્ચના દિવસે ભારત છોડી ગયા હતા. ભારત સરકારે ત્યારબાદ તેમનો પાસપોર્ટ પાછો ખેંચી લીધો હતો.

## ...તો કર્મીઓનું લઘુત્તમ માસિક વેતન વધી જશે

નવીદિલ્હી,તા. ૧૧

કેન્દ્ર સરકાર એક દરખાસ્ત પર વિચારણા કરી રહી છે. આ દરખાસ્ત કેન્દ્રના કર્મચારીઓના ન્યૂનતમ માસિક વેતન સંબંધિત છે. જો કેન્દ્ર સરકાર આ દરખાસ્ત ઉપર અંતિમ મહોર લગાવશે તો કેન્દ્રીય કર્મચારીઓને ન્યૂનતમ માસિક વેતન ૨૪૦૦૦ રૂપિયા મળતું થઈ જશે.

# રાજ્યમાં વધુ ૧૨૧ ગામ અસરગ્રસ્ત જાહેર

## અછત-રાહત અંગેની મંત્રીઓની સબ કમિટિ બેઠકમાં આગામી ૧૫મી મેથી માંગણી મુજબ આગતરો પાક અને વાવણી માટે નર્મદાનું પાણી પહોંચાડવાનું આયોજન છે

ગાંધીનગર,તા. ૧૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની અધ્યક્ષમાં ગાંધીનગરમાં યોજાયેલી અછત અંગેની મંત્રીઓની સબ કમિટિની બેઠકમાં રાજ્યના ત્રણ જિલ્લાના સાત તાલુકાના ૧૨૧ ગામોને અસરગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ગામોમાં કચ્છના નખત્રાણા, અંજાર અને ભુજ તાલુકાના ૫૮, બનાસકાંઠાના વાવ, સુઈગામ અને થરાદના બાવન તેમજ જામનગરના જામજોધપુર તાલુકાના ૧૧ ગામોનો સમાવેશ થાય છે. આ ૧૨૧ ગામો સાથે રાજ્યમાં કુલ ૧૧૧૫ ગામો અર્થ અછત અથવા અસરગ્રસ્ત ગામો તરીકે આવરી લેવાયા છે. આનંદીબેને આ ગામોમાં પીવાનું પાણી, પશુધન માટે ઘાસચારો તથા મનરેગાના કામો જરૂરિયાત મુજબ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરવાનું સઘન આયોજન ગોઠવવા અધઈકારીઓને તાકિદ કરી હતી. આ સંદર્ભમાં તેમણે આવા ગામોમાં વસતીના ધોરણે પીવાનું પાણી દૈનિક જરૂરિયાત મુજબ પહોંચાડવા તથા મનરેગાના કામોના સ્થળે સ્વૈચ્છિક સેવા સંસ્થાઓનો સહયોગ લઈ છાશ અને સૂખડી વિતરણ પ્રબંધ માટે પણ સૂચનો કર્યા હતા. મુખ્યમંત્રીએ અછત રાહત અંગે રચેલી કેબિનેટ સબ કમિટિના અધ્યક્ષ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, નાણામંત્રી સૌરભ પટેલ, કૃષિમંત્રી બાબુભાઈ બોખિરિયા અને રાજ્યમંત્રીઓ શંકરભાઈ ચૌધરી, તારાચંદભાઈ છેડા અને મુખ્ય સચિવ જીઆર અલોરિયા સહિત



વરિષ્ઠ સચિવોએ ઉપસ્થિત રહી સંબંધિત વિભાગોની વિસ્તૃત વિગતો પૂરી પાડી હતી. આ સમીક્ષા બેઠકમાં રાજ્યની પાણી પુરવઠાની સ્થિતિનો જાયજો લેતા મુખ્યમંત્રીએ જણાવ્યું

● અનુસંધાન પાન-૫ પર

# પાટનગરમાં પારો ઉંચકાયો : સતત બીજા દિવસે પણ ૪૩.૬ ડિગ્રી

## હવામાન વિભાગે ઓરેન્જ કાર્ડ જાહેર કર્યુ : બે દિવસમાં પારો ૪૪ ડિ.સે. વટાવે તેવી શક્યતા



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ઉનાળો અતિ આકરો બની રહ્યો છે. સૂર્યદેવ સતત તાપના મિજાજનો પરચો આપી રહ્યા છે. પરિણામે પશુ-પક્ષી સહિત માનવ જીવન પર સીધી અસર થઈ રહી છે અને ગરમીને લીધે જનજીવન પર અસર દેખાઈ રહી છે. ગાંધીનગરમાં ગત રોજ મહત્તમ તાપમાનનો પારો ૪૩.૫ ડિ.સે. નોંધાયો હતો. જ્યારે આજે પોઈન્ટ-૧નો વધારો થતા ગરમી વધી છે ને પારો ૪૩.૬ ડિ.સે. નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ કાલે આ ગરમીનો પારો ૪૪ સુધી પહોંચશે. હવામાન વિભાગે શહેરમાં ઓરેન્જ કાર્ડ પણ જાહેર કર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ક્યા કેટલું તાપમાન

| સ્થળ | મહત્તમ તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૪૩.૫ |
| ડિસા | ૪૨.૪ |
| ગાંધીનગર | ૪૩.૬ |
| વીવીનગર | ૪૧.૪ |
| વડોદરા | ૪૨.૨ |
| સુરત | ૩૫.૬ |
| વલસાડ | ૩૬.૯ |
| ભાવનગર | ૪૦.૬ |
| ઓખા | ૩૩.૪ |
| પોરબંદર | ૩૪ |
| રાજકોટ | ૪૨.૯ |
| સુરેન્દ્રનગર | ૪૩.૫ |
| ભુજ | ૪૧.૭ |
| કંડલા એરપોર્ટ | ૪૩.૮ |
| કંડલા પોર્ટ | ૩૬.૯ |
| નલિયા | ૩૬.૨ |








## અંતરના ઉમળકાથી વધામણી



**શ્રી પ્રવિણભાઈ ડી. પટેલ**
મેયર,
મહાનગરપાલિકા, ગાંધીનગર



**શ્રી મનુભાઈ પટેલ**
ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટિ,
મહાનગરપાલિકા, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પદે પ્રવિણભાઈ તથા મનુભાઈ પટેલ સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન તરીકે વરણી થતા અમો હર્ષ સહ ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને બંનેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.. આપના નેતૃત્વમાં ગાંધીનગર શહેરનો ઉત્તરોત્તર વિકાસ થાય તેવી શુભકામનાઓ સહ...

-: શુભેચ્છક :-

મુકેશભાઈ ડી. પટેલ (સિલિકોન ઈન્ફ્રા)
પ્રવિણભાઈ એમ. પટેલ (સિલિકોન ઈન્ફ્રા)
કમલેશભાઈ ડી. પટેલ (સેક્ટર-૨૩)
દિપકભાઈ સી. ભટ્ટ (સેક્ટર-૨૯)
સંદીપભાઈ બી. શાહ (સેક્ટર-૧)
વિક્રાન્તભાઈ વી. પુરોહિત (વિનાયક ગૃપ)